# ટેકનીકલ બીડ ( પૂર્વ લાયકાત)

| ક્રમ | દસ્તાવેજ | જોડેલ છે કે ? |
|---|---|---|
| ૦૧ | એજન્સીનું નામ તથા સરનામુ એજન્સીના ટેલીફોન નંબર/ મોબાઈલ નંબર /ફેક્સ નંબર / ઈ-મેઈલ એડ્રસ. (નીચેની જગ્યામાં લખવું) :- | હા /ના |
| ૦૨ | એજન્સીનો શોપ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ એકટ હેઠળ નોંધણી નંબર તથા ગુમાસ્તા ધારા લાયસન્સ નંબર (રીન્યુ કરાવેલ) | હા / ના |
| ૦૩ | માલિક – ભાગીદારોના નામ (લેટર હેડ પર) (સંસ્થા / શોપ /પ્રોપરાઈટર/કંપની) | હા / ના |
| ૦૪ | ટેન્ડર ફી ભર્યા અંગેનો ડિમાન્ડ ડ્રાફટ / પે ઓર્ડર ( RBI માન્ય બેન્ક) | હા / ના |
| ૦૫ | અર્નેસ્ટ મની ભર્યા અંગેનો ડિમાન્ડ ડ્રાફટ /પે ઓર્ડર ( RBI માન્ય બેન્ક) | હા / ના |
| ૦૬ | પાન કાર્ડની સ્વપ્રમાણીત નકલ | હા / ના |
| ૦૭ | છેલ્લા નાણાંકીય વર્ષની વાર્ષિક ટર્ન ઓવરની માન્ય ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ધ્વારા આપવામાં આવેલ વિગતો / પ્રમાણપત્ર | હા / ના |
| ૦૮ | GST/ સેલ્સટેક્ષ /વેટ રજીસ્ટ્રેશન સર્ટીફીકેટની સ્વપ્રમાણીત નકલ **(જો હોય તો રજુ કરવુ)** | હા / ના |
| ૦૯ | કોર્મશીયલ ટેકસ વિભાગ સ્ટેટ / GST વિભાગને રજુ કરવામા આવેલ ના છેલ્લા ત્રણ માસિક / ત્રિમાસિક / અથવા છેલ્લા એક વર્ષનું વાર્ષિક રીર્ટનની વિગત. | હા / ના |
| ૧૦ | પૂર્વ ઈતિહાસ સ્વચ્છ છે ? નાણાકીય સંસ્થાના ડિફોલ્ટર નથી /પોલીસ-કોર્ટ રેકર્ડ પર કેસ નથી તેનો પત્ર છે ? (એજન્સીએ પોતાના લેટર પેડ ઉપર આપેલા નમુના મુજબનું બાહેંધરી પત્ર આપવું. ) | હા / ના |
| ૧૧ | ભાગીદારી પેઢી/ સંસ્થા/ મંડળીના કિસ્સામાં નોધણીનો દસ્તાવેજ/ પ્રમાણપત્ર ખત પત્રની નકલ. | હા / ના |
| ૧૨ | એજન્સીએ કપડાની ધોલાઈના ટેન્ડરનું ગવર્મેન્ટ / સેમી ગર્વર્મેન્ટ/નામાંકીત પ્રાઈવેટ સંસ્થાનો વર્ક ઓર્ડર તથા કમ્પ્લીશન સર્ટીફીકેટ **( જો હોય તો રજૂ કરવું )** | હા / ના |

તા. ...............................

ટેન્ડરરની સહી.

સ્થળ. ...............................

નામ.

પાર્ટી/ પેઢીનું રબ્બર સ્ટેમ્પ.

આર. એમ. ઓ.
આઈ.પી.જી.ટી. એન્ડ આર.એ.હોસ્પીટલ
ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી
જામનગર

હોસ્પીટલ સુપ્રિન્ટેન્ડન્ટ/ડાયરેકટર
આઈ.પી.જી.ટી. એન્ડ આર.એ.હોસ્પીટલ
ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી

# ટેન્ડર ભરવાની શરતો અને વિગતો.

1. આ કાર્ય માટે વર્તમાનપત્રમાં અપાયેલ તથા વેબસાઈટ ઉપર મુકાયેલ જાહેર નિવિદા ટેન્ડરનો એક ભાગ તરીકે ગણવામાં આવશે તેમજ આ ટેન્ડર યુ.જી. અને પી.જી.હોસ્પિટલ તથા તેમનાં વિભાગો માટેનું રહેશે.
2. ટેન્ડર ભરનાર પાર્ટીએ ભાવ પત્રક(પ્રાઈસ બીડ) www.nprocure.comમારફત ઓન લાઈન ભરવાનું રહેશે. તથા ટેકનીકલ બીડ અત્રેની સંસ્થામાં મોકલવાના રહેશે.
3. ટેન્ડર સહિત પેઢીના તમામ કાગળો ઉપર પેઢીના સહી સિકકા હોવા જરુરી છે.
4. ટેન્ડર ભરનારે ટેન્ડરની તમામ શર્તો કાળજી પૂર્વક વાંચી સમજીને ટેન્ડર ભરવાનું રહેશે.
5. ટેન્ડરની કોઈપણ શર્તોમાં સુધારો કે વધારો કરવો કે રદ કરવી અથવા ઉમેરવી કે કોઈ શર્તો નો અર્થઘટન કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય, તો તે અંગેનો નિર્ણય કરવાની આખરી સતા ડાયરેકટરશ્રી, આઈ.પી.જી.ટી. એન્ડ આર.એ. હોસ્પિટલ, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગરને રહેશે.
6. ટેન્ડર ભરનાર એજન્સીએ નોન રીફન્ડેબલ ટેન્ડર ફી રૂા.૧૫૦૦/- તથા ઈ.એમ.ડીની રકમ રૂા.૩૦,૦૦૦/-ડી.ડી./ પે ઓર્ડર RBI માન્ય બેન્ક "ડાયરેકટર, આઈ.પી.જી.ટી.એન્ડ આર.એ.,જામનગર"નાં નામનો બીડવાનો રહેશે. નોન રીફન્ડેબલ ટેન્ડર ફોર્મ ફી તથા ઈ.એમ.ડી.નો ડી.ડી./પે ઓર્ડર સામેલ રાખેલ નહીં હોય તો તેનું ટેન્ડર માન્ય રાખવામાં આવશે નહિ.
7. ટેન્ડર પાર્ટીનું વાર્ષિક ટર્ન ઓવર ઓછામાં ઓછું રૂા.૧,૫૦,૦૦૦ હોવું જોઈએ. આ રકમથી ઓછું ટર્ન ઓવર ધરાવનાર પાર્ટીનું ટેન્ડર રદબાતલ ગણવામાં આવશે.
8. જે પાર્ટીનાં ભાવ મંજરુ થયા હશે. તેઓએ દિવસ-૭ માં ટેન્ડરની અંદાજીત ખરીદીના વાર્ષિક ખરીદીની રકમના ૫% લેખે સીકયોરીટી ડિપોઝીટની રકમ આઈ.પી.જી.ટી.એન્ડ આર.એ.ની હિસાબી શાખામાં ડી.ડી/ પે ઓર્ડર(RBI માન્ય બેન્ક)થી ભરવાની રહેશે. ભરપાઈ થઈ ગયા બાદ તેમની અર્નેસ્ટ મની ડિપોઝીટની રકમ મુકત કરવામાં આવશે. જો ટેન્ડર ભરનાર સીકયોરીટી ડિપોઝીટની રકમ સમય મર્યાદામાં જમા કરાવવામાં નિષ્ફળ જશે, તો તેની અર્નેસ્ટ મની ડિપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે.
9. પ્રથમ ટેકનીકલ બીડનું કવર ખોલવામાં આવશે. તથા ટેકનીકલ બીડમાં દર્શાવ્યા મુજબના દસ્તાવેજોની ચકાસણી કમિટી ધ્વારા ચકાસણી કરવામાં આવશે જેમાં કવોલીફાઈડ થયેલ પાર્ટીઓના જ પ્રાઈસ બીડ ખોલવામાં આવશે.
10. મંજુર થયેલ ટેન્ડરનો કોન્ટ્રાકટ બીજાને વેંચાણ આપી શકાશે નહીં. પેટા કોન્ટ્રાકટ આપી શકાશે નહીં.
11. ટેન્ડરની સમય મર્યાદા એક વર્ષની રહેશે, પરંતુ આવતા વર્ષનું નવું ટેન્ડર અસ્તિત્વમાં ન આવે તો ત્યાં સુધી હોસ્પિટલ સુપ્રિટેન્ડન્ટ/ડાયરેકટર ને આ વર્તમાન ટેન્ડરને લંબાવવાની સતા રહેશે.
12. હોસ્પિટલના નિતિ-નિયમો ટેન્ડર પાર્ટીને બાધ્ય રહેશે. સર્વિસમાં આવનાર વ્યકિતએ શિસ્ત પાલન કરવાનું રહેશે. ભાવપત્રકમાં દર્શાવેલ વસ્ત્રોની સાઈઝ/માપ જોવા માંગતી પાર્ટીએ ભાવ ભરતા પહેલા સમય મર્યાદામાં હોસ્પિટલની રૂબરૂ મુલાકાત લેવી.

Update 27/1/2020

આર. એમ. ઓ.
આઈ.પી.જી.ટી.એન્ડ આર.એ.હોસ્પીટલ
ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી
જામનગર

21.1.20

હોસ્પીટલ સુપ્રિન્ટેન્ડન્ટ/ડાયરેકટર
આઈ.પી.જી.ટી.એન્ડ આર.એ.હોસ્પીટલ
ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી
જામનગર

13. સોસાયટી રજીસ્ટ્રેશન એકટ ૧૯૫૬ અથવા ચેરીટેબલ ટ્રસ્ટ એકટ ૧૯૨૦ અન્વયે રજીસ્ટર્ડ થયેલી સંસ્થા/પેઢી ટ્રસ્ટ સહકારી મંડળી તથા કાયદેસરની ભાગીદારી/પ્રોપરાઈટર કંપની કે જેની પાસે જે તે પ્રકારની સેવા અસરકારક રીતે પુરી પાડવા માટે કાયદેસરનું જરૂરી લાયસન્સ ધરાવતી હશે માત્ર તેવીજ સંસ્થા/ટ્રસ્ટ/સહકારી મંડળી કે ભાગીદારી પેઢી તથા ઈસમ આવી સેવા પુરી પાડવાં માટેની જાહેર નિવિદામાં ભાગ લઈ શકશે. જો કોઈ સંસ્થા ઉપર જણાવેલી સઘળી લાયકાતો ધરાવતી હોવા છતાં સંસ્થા તથા રાજય/કેન્દ્ર સરકાર કે રાજય/કેન્દ્ર સરકાર નાં કોઈ જાહેર સાહસ કે ઉપક્રમ ધ્વારા તેઓની કામગીરીનાં અનુસંધાને બ્લેકલીસ્ટ જાહેર થઈ હશે તો તેવી સંસ્થા આવી જાહેર નિવિદા માં ભાગ લઈ શકશે નહીં અને છતાં જો આવી અરજી કરશે તો તે મૂળેથી રદ બાતલ ગણાશે. શરતી ટેન્ડર વિચારણામાં લેવામાં આવશે નહીં અને તેને રદબાતલ ગણવામાં આવશે.

14. સંસ્થા ધ્વારા આપેલ ફોર્મ માં જે કપડાંની ધોલાઈ માટે સ્પેશીફિકેશન દર્શાવેલ છે તે જ પ્રમાણેના ભાવ ભરવાનાં રહેશે. પોતાની મનસ્વી રીતે ભાવ ભરનાર ટેન્ડરર નાં ભાવ માન્ય ગણાશે નહી.

15. પાર્ટી ધ્વારા કપડાંની ધોલાઈ યોગ્ય રીતે ન થયેથી અથવા નબળી સર્વિસથી સંસ્થાને થયેલ નુકશાન માટે જે તે પાર્ટી જવાબદાર રહેશે. એક કરતા વધુ ફરીયાદ ઉઠતા ટેન્ડર રદ બાતલ થઈ શકે અને ટેન્ડર અન્ય પાર્ટીને નિયમાનુસાર ફાળવવામાં આવશે. નુકશાનની રકમ પાર્ટીએ ભરેલ સિકયુરિટી ડિપોઝીટની રકમમાંથી વસુલ કરવામાં આવશે. અથવા તો કાનુની રાહે વસુલ કરવામાં આવશે.

16. નબળી સર્વિસ માટે હોસ્પિટલ સુપ્રિટેન્ડન્ટ પાર્ટીને યોગ્ય પેનલ્ટી લાદવાનો હકક ધરાવે છે.

17. ટેન્ડર ભરનાર પાર્ટીએ નીચે પ્રમાણે A અને B ના બે અલગ અલગ કવરો બનાવવાનાં રહેશે.

**A.પ્રથમ કવરમાંનોન રીફન્ટેબલ ટેન્ડર ફોર્મફીનો RBI માન્ય બેન્કનો ડી.ડી.સામેલ રાખવાનો રહેશે. તથા કવર ઉપર કપડાની ધોલાઈ ના ટેન્ડર ફોર્મ ફી વર્ષ ૨૦૨૦- ૨૦૨૧નું કવર એમ સ્પષ્ટ લખવાનું રહેશે.**

**B.બીજા કવરમાં E.M.D.ની રકમનો RBI માન્ય બેન્કનો ડી.ડી.સામેલ રાખવાનો રહેશે.તથા કવર ઉપર કપડાંની ધોલાઈનું EMDનીરકમ વર્ષ૨૦૨૦-૨૧નું કવર એમ સ્પષ્ટ લખવાનું રહેશે. તથા ત્રીજુ કવર મુખ્ય કવર એમ લખવાનું રહેશે. તથા તેમાં ટેકનીકલ બીડનાં તમામ પત્રોમાં નંબર આપવાના રહેશે. દરેક પાનાઓ પર સહી કરી સિકકા મારવાનાં રેહેશે તેમજ આ તમામ દસ્તાવેજો Spiral Bidingઅથવા HardBiding કરીને સામેલ કરવાના રહેશે. તથા પાછળથી કોઈપણ પ્રકારના દસ્તાવેજો નો ઉમેરો કરી શકાશે નહીં. તથા દસ્તાવેજ પુરા સામેલ નહીં હોય તેનું ટેન્ડર રદ બાતલ ગણાશે.**

18. પાર્ટીએ ટેકનીકલ બીડનાં કવર રજી.એ.ડી./ કુરીયર / રૂબરૂમાં હોસ્પી.સુપ્રિટેન્ડન્ટ, આઈ.પી.જી.ટી.એન્ડ આર.એ. હોસ્પિટલ, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગરને મોકલવાનું રહેશે. નિયત તારીખ તથા સમય બાદ મળેલ ટેન્ડરો સ્વીકારવામાં આવશે નહીં.

19. ટેન્ડરની શરતો ભંગ કરનાર પાર્ટીનું ટેન્ડર રદ કરવામાં આવશે તથા તેની સિકયુરીટી ડિપોઝીટ જપ્ત કરવામાં આવશે.

આર. એમ. ઓ.
આઈ.પી.જી.ટી.એન્ડ આર.એ.હોસ્પીટલ
ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી
જામનગર

હોસ્પીટલ સુપ્રિન્ટેન્ડન્ટ/ડાયરેકટર
આઈ.પી.જી.ટી.એન્ડ આર.એ.હોસ્પીટલ
ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી
જામનગર

20. સર્વિસમાં જરૂરીયાત મુજબનાં સાધનો, ટ્રાન્સપોટેશન વાહન વગેરેની જવાબદારી ટેન્ડરર પાર્ટી ની રહેશે. પાર્ટીએ દરરોજ સંસ્થાનાં આદેશ મુજબ લોન્ડ્રીનાં વસ્ત્રો લઈ જવા તથા મુકવાનાં રહેશે જેનાં અલગથી ચાર્જ ચુકવવામાં નહીં આવે.

21. પાર્ટીએ કપડા સ્વચ્છ, સુઘડ અને ટકાઉ રહે તે માટે જરૂરિયાત મુજબ ઉચ્ચ કક્ષાનાં સાધનો જેવા કે Washing Materials, Regents, Disinfectants, Coloring Agents, Whitening Agents વગેરે વાપરવાનાં રહેશે.

22. જરૂર જણાયે સંસ્થાનાં નિયુકત પ્રતિનિધિઓ આપનાં દ્વારા કરવામાં આવતાં ધોલાઇ કાર્યનું નિરિક્ષણ પૂર્વ સૂચના સાથે/આકસ્મિક કરી શકશે.

23. પ્રાઈઝ-બીડમાં દર્શાવેલ કપડાંઓ જેમ કે, ઉની કપડાં, મોટા કપડાં, મધ્યમ કપડાં તથા નાના કપડાં આ તમામ કેટેગરીનાં પ્રતિ નંગનાં ભાવનો ટોટલ કરતાં જેનાં ભાવ ઓછા આવશે તે જ ટેન્ડરર.પાર્ટીનું ટેન્ડર માન્ય કરવામાં આવશે.

ઉપરોકત તમામ શરતો મે વાંચી, સમજી, વિચારીને ભાવ ભરેલ છે. જે તમામ શરતો મને બંધનકર્તા છે.

તા ............ ટેન્ડરરની સહી

સ્થળ: ............. નામ

પાર્ટીની / પેઢીનું રબ્બર સ્ટેમ્પ.

આર. એમ. ઓ.
આઈ.પી.જી.ટી.એન્ડ આર.એ.હોસ્પીટલ
ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી
જામનગર

હોસ્પીટલ સુપ્રિન્ટેન્ડન્ટ/ડાયરેકટર
આઈ.પી.જી.ટી.એન્ડ આર.એ.હોસ્પીટલ
ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી
જામનગર

## ::- બાંહેધરી પત્રક ::-

આથી અમો નીચે સહી કરનાર બાંહેધરી આપી છીએ કે,

1. અમારી એજન્સી/અમારી એજન્સીના ભાગીદારો/અમારી એજન્સીના ભૂતપૂર્વ ભાગીદાર ઉપર કોઈ પણ પ્રકારનો ગેરરીતી કે છેતર પીંડી બાબતે પોલીસ ફરીયાદ/ ફોજદારી કાર્યવાહી થયેલ નથી કે કોર્ટ કેઈસ પડતર નથી.
2. અમારી એજન્સી/ અમારી એજન્સીના ભાગીદારો/અમારી એજન્સીના ભૂતપૂર્વભાગીદાર સામે ભારત સરકાર/ ગુજરાત સરકાર/ગુજરાત સરકારના બોર્ડ નિગમો, સ્થાનિક સ્વરાજયની સંસ્થા ઓ,યુનિવર્સિટી કે અન્ય કોઈપણ સ્વાયત સંસ્થાઓ ધ્વારા બ્લેક લીસ્ટ કરવાની કાર્યવાહી થયેલ નથી કે પડતર નથી.
3. અમારી એજન્સી/અમારી એજન્સીના ભાગીદારો/ અમારી એજન્સીના ભૂતપૂર્વભાગીદાર સામે નાણાંકીય ઉચાપત કે ડીફોલ્ડર તરીકે જાહેર કરવામાં આવેલ નથી કે કોઈ સંસ્થા સાથે કોઈ પ્રકારના વિવાદમાં નથી.

**ઉપરોકત પ્રફોર્મા મુજબની માહિતી પાર્ટીએ પોતાના લેટર-પેડમાં ટાઈપ કરી આપવાની રહેશે.**

ટેન્ડરરની સહી

તા ............

નામ

સ્થળ: .............

પાર્ટીની / પેઢીનું રબ્બર સ્ટેમ્પ.

21/9/2023

આર. એમ. ઓ.
આઈ.પી.જી.ટી.એન્ડ આર.એ.હોસ્પીટલ
ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી
જામનગર

હોસ્પીટલ સુપ્રિન્ટેન્ડન્ટ/ડાયરેકટર
આઈ.પી.જી.ટી.એન્ડ આર.એ.હોસ્પીટલ
ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી
જામનગર